GJ/૦૧/ મે-જૂન ૨૦૨૬

# બિલિવર્સ ઈસ્ટર્ન ચર્ચ

વૈશ્વિક ચર્ચ મુખ્યાલય, સંત. થોમસ સમુદાય,
થિરૂવલ્લા-689 103, કેરળ, ભારત.

## ઘેટાંપાળકનો પત્ર

મે-જૂન ૨૦૨૬

**મારા પ્રિય ઘેટાં પાળકો અને વિશ્વભરના પવિત્ર ચર્ચના બધા વિશ્વાસુઓ, આપણા પ્રભુ અને તારણહાર, ઈસુ ખ્રિસ્ત તરફથી આપ સર્વને  કૃપા, દયા અને શાંતિ મળે!**

ખ્રિસ્ત સજીવન થયો છે!

આપણા ચર્ચના ધાર્મિક  કેલેન્ડર મુજબ, આપણે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરુત્થાનના સમયમાં છીએ. ભલે આપણી આસપાસની દુનિયા ઉથલપાથલ અને અનિશ્ચિતતાનો અનુભવ કરી રહી હોય, છતાં આપણને આપણા તારણહારના પુનરુત્થાનની અચળ આશા અને આનંદમાં જીવવાનું કહેવામાં આવ્યું છે. કારણ કે આપણે સાથે મળીને કહી શકીએ છીએ: ખ્રિસ્તનું પુનરુત્થાન થયું છે, અને કારણ કે તે જીવંત છે, હું આવતીકાલનો સામનો કરી શકું છું. આ જ હિંમત સાથે, ઉદય પામેલા ખ્રિસ્તે પોતાના શિષ્યોને મોકલ્યા - જેથી તેઓ દુનિયાને ઇસ્ટરનો આનંદ અને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરુત્થાનની આશા પ્રગટ કરી શકે. અને જેમ ઈસુએ વચન આપ્યું હતું, તેમ પવિત્ર આત્મા તેમના શિષ્યો પર ઉતર્યો, તેમને પરમેશ્વરના પ્રેમનું પ્રતિબિંબ બનવા માટે સશક્ત બનાવ્યા અને જે પ્રેરિતોને 'મોકલવામાં આવ્યા' હતા તેઓ દૂર દૂર સુધી - પૃથ્વીના છેડા સુધી - સુવાર્તાનો પ્રચાર કરવા ગયા. પવિત્ર આત્મા દ્વારા શક્તિ પ્રાપ્ત કરીને, સમગ્ર વિશ્વમાં ખ્રિસ્તની સાક્ષી આપનારા બાર પ્રેરિતોના સન્માન માટે, ચર્ચે 'પ્રેરિતોનો ઉપવાસ' નામનો પવિત્ર ઉપવાસ સમયગાળો સ્થાપિત કર્યો છે.

આ ઉપવાસ કેવી રીતે શરૂ થયો? પ્રેરિતોનાં કૃત્યો ૧:૪ માં, આપણે શીખીએ છીએ કે પ્રભુ ઈસુએ પ્રેરિતોને મહાન કાર્ય પૂર્ણ કરવા માટે નીકળતા પહેલા પવિત્ર આત્માના વચનની રાહ જોવાનું કહ્યું હતું. પવિત્ર ચર્ચની પરંપરા આપણને જણાવે છે કે પ્રેરિતો પ્રાર્થના અને ઉપવાસમાં લાગુ રહ્યા, તેમના

પ્રચાર કાર્ય માટે મજબૂત કરવા માટે પ્રાર્થના કરતા. તેઓએ પેન્ટેકોસ્ટના દિવસે પવિત્ર આત્માથી ભરપૂર ન થાય ત્યાં સુધી આ ઉપવાસ ચાલુ રાખ્યો.

ત્યારથી, ચર્ચ આ ઉપવાસનો સમયગાળો મનાવે છે, જેને સામાન્ય રીતે "પ્રેરિતોનો ઉપવાસ" તરીકે ઓળખવામાં આવે છે.પ્રેરિતોનો ઉપવાસ દર વર્ષે ૧૬ જૂનથી શરૂ થાય છે અને ૨૮ જૂન સુધી ૧૩ દિવસ સુધી ચાલે છે. ત્યારબાદ, આપણે બે તહેવારો ઉજવીએ છીએ: ૨૯ જૂને સંત પિતર અને સંત પાઉલનો તહેવાર, અને ૩૦ જૂને પ્રેરિતોનો તહેવાર.

આપણે આ ઉપવાસ કેવી રીતે પાળવો જોઈએ? ચર્ચમાં બધા ઉપવાસ સમયગાળાની જેમ, પ્રેરિતોનો ઉપવાસ તે આપણને પ્રાર્થના, ઉપવાસ અને દાન પર ધ્યાન કેન્દ્રિત કરવાનું પણ કહે છે, જેથી આપણે પરમેશ્વર-કેન્દ્રિત અને વિશ્વાસુ જીવન જીવી શકીએ. પરંતુ આ ઉપવાસ ચર્ચના અન્ય ઉપવાસોથી અલગ છે, કારણ કે તે આપણને પ્રેરિતોના મિશનને આગળ ધપાવવાનું કહે છે. આ કારણોસર, હું તમને બધાને પ્રોત્સાહિત કરું છું, મારા પ્રિય બાળકો, આ પવિત્ર સમયને અલગ રાખવા અને પ્રેરિતોનાં કૃત્યોનું આખું પુસ્તક વાંચવા માટે. જેમ કે આપણા પ્રિય મેટ્રોપોલિટન અથનેસિયસ યોહાન પ્રથમ, ધન્ય સ્મૃતિ કહેતા હતા, 'પ્રેરિતોનાં કૃત્યો પવિત્ર ચર્ચનું બ્લુપ્રિન્ટ છે,' અને તે આપણા માટે પ્રેરિતોના સેવાકાર્યને સમજવા અને સુવાર્તા વહેંચવા માટેના તેમના અવિશ્વસનીય સમર્પણ પર ચિંતન કરવાનો મુખ્ય સ્ત્રોત છે. આ ઇરાદાપૂર્વકની પ્રથા દ્વારા, આપણે પ્રેરિતોના પગલે ચાલવાનો પ્રયાસ કરીએ છીએ, અને પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે તે આપણને શક્તિ અને સામર્થ્ય આપે, જેથી આપણે પણ બધા લોકો સુધી સુવાર્તાનો સંદેશ ફેલાવવાનું કાર્ય ચાલુ રાખી શકીએ.

***પ્રેરિતોના ઉપવાસનું પાલન કરવાની ત્રણ વ્યવહારુ રીતો***

સેવા: પ્રેરિતોનો ઉપવાસ આપણને દર વર્ષે પવિત્ર પ્રેરિતોના જીવન અને ઉદાહરણ પર ચિંતન કરવાની તક આપે છે. પરંતુ ફક્ત તેમને યાદ રાખવાથી તેમનું સન્માન કરવું પૂરતું નથી. આપણે તેઓએ શરૂ કરેલા કાર્યને ચાલુ રાખીને તેમની સ્મૃતિનું સન્માન કરવું જોઈએ. આપણા પર, તેમના અનુયાયીઓ અને આધ્યાત્મિક વંશજોને, આપણી આસપાસના લોકો સાથે ઉદય પામેલા ખ્રિસ્તની આશા અને આનંદ શેર કરવાનું સોંપવામાં આવ્યું છે. તેથી, આ પવિત્ર ઋતુ દરમિયાન, ચાલો આપણે ખાસ કરીને આપણી બધી મંડળી અને ડાયોસીસમાં દયા અને કરુણાની સેવાઓ ચાલુ રાખીએ અને વધારીએ.

પ્રાર્થના: જેમ સંત પાઉલ આપણને એફેસી ૬:૧૯-૨૦ માં યાદ અપાવે છે, આપણે આપણા યાજકો અને મિશનરીઓ માટે પ્રાર્થના કરવી જોઈએ, જેથી તેઓ પોતાના જીવનને ફરીથી સમર્પિત કરી શકે, અને વિવિધ મુશ્કેલીઓ વચ્ચે પણ સુવાર્તાના કાર્યને ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત અને મજબૂત બને. ચાલો આપણે એવી પણ પ્રાર્થના કરીએ કે આપણા ઘણા બાળકો અને યુવાનો પવિત્ર ચર્ચની સેવામાં પોતાનું જીવન સમર્પિત કરે. યાદ રાખો, પવિત્ર ચર્ચ એ ખ્રિસ્તનું શરીર છે - આ દુનિયામાં પ્રભુ ઈસુનું સાચું સ્વરૂપ.

દાન: અમારા દશાંશ અને અર્પણો ઉપરાંત, આપણે આપણા નાણાકીય સંસાધનો દ્વારા મિશન કાર્યને ટેકો આપવા માટે પણ બોલાવવામાં આવ્યા છે. જેમ સંત પાઉલ ફિલિપ્પી ૪:૧૮માં કહે છે, આ અર્પણો "ઈશ્વરને પ્રસન્ન કરનારા સ્વીકાર્ય બલિદાન છે." તેથી, પ્રેરિતોનો ઉપવાસ એ આપણા માટે ઉપવાસ અને ચોક્કસ પ્રકારના ખોરાકનો ત્યાગ કરીને બચાવેલા પૈસા અલગ રાખવાની ઉત્તમ તક છે, જેથી તે આપણા ચર્ચની સેવાઓ અને કાર્યને ટેકો આપવા માટે આપી શકાય.

મારા વ્હાલા બાળકો, હંમેશની જેમ, આ પવિત્ર દિવસોમાં હું તમને દરેકને મારી પ્રાર્થનામાં યાદ કરું છું. ચાલો આપણે પ્રેરિતોના ઉદાહરણને અનુસરવા અને ઈસુ ખ્રિસ્તના સુવાર્તા દ્વારા આપણને આપવામાં આવેલ આનંદ અને આશા આપણા પરિવારો, આપણા સમુદાયો અને પૃથ્વીના છેડા સુધી પ્રગટ કરવા માટે આપણી પ્રતિબદ્ધતાને નવીનીકરણ કરીએ. જો આપણો ઉપવાસ પ્રાર્થના અને ખોરાકનો ત્યાગ પૂરતો મર્યાદિત હોય, તો આપણે પ્રેરિતોના ઉપવાસનો હેતુ ગુમાવીએ છીએ. પ્રભુ આપણને પ્રેરિતોના ઉદાહરણને શબ્દ અને કાર્ય બંનેમાં અનુસરીને તેમનું સન્માન કરવાની કૃપા આપે. આપણા પ્રભુ પરમેશ્વર તમને તેમની ઇચ્છાને સમજવાની બુદ્ધિ, તેમની આજ્ઞાઓનું પાલન કરવાની શક્તિ અને તેમની દયા પ્રગટ કરવાનો પ્રેમ આપે.

પવિત્ર ત્રિએક પરમેશ્વર - પિતા, પુત્ર અને પવિત્ર આત્મા તમને તેમની ઇચ્છાને સમજવા માટે બુદ્ધિ , તેમની આજ્ઞાઓનું પાલન કરવાની શક્તિ અને તેમની દયાને પ્રતિબિંબિત કરવા માટે પ્રેમ આપે. અને તમામ સંતો તથા પ્રભુનીમાતા) Theotokos) ની મધ્યસ્થી હવે અને હંમેશા ઈશ્વરના સિંહાસન સામે આપણું રક્ષણ કરે, હમણાં અને સદા સર્વદા ☩ આમીન.

પિતૃત્વપૂર્ણ પ્રેમ અને પ્રાર્થનાઓ સાથે,

**ખ્રિસ્તમાં તમારા પિતા**

✠ મોરન મોર સેમ્યુઅલ થિયોફિલસ મેટ્રોપોલિટન

તારીખ :૦૫ મે ૨૦૨૬

સ્થળ :વૈશ્વિક ચર્ચ મુખ્યાલય

---

નોંધ :આ પત્ર વિશ્વાસીઓના પ્રોત્સાહન માટે દરેક સ્થાનિક મંડળીમાં વાંચવામાં આવે .